dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
March 2014 For private circulation only Vol. 06 - Issue 125-26

अपने अपने कर्म का फल एक धरोहर के समान है, जो कर्मजनित अद्रष्ट के द्वारा सुरक्षित रहता है । उपयुकत अवसर पाने पर काल इस कर्म–फल को प्राणी समुदाय के पास खींच लाता है ।

महाभारत

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

મનને સમજવાની ય ક્યારેક મથામણ કરવી જોઈએ. સમજવું અને સમજાવવું બે અલગ વાત છે. આપણે ઘણી વાર તો સમજ્યા વગર જ સમજાવવા માંડીએ છીએ. મનનો તાગ મેળવવો, મનના પાતાળમાં ડૂબકી લગાવવી કંઈ સ્હેલ નથી. એ માટે મરજીવા જેવી હિંમત-સાહસીપણું જોઈએ. ઘણીવાર મરકટ જેવું મન આપણી પાસે ખેલ કરાવે છે. તર્ક-વિતર્કની સીમારેખા ભેદીને મનના પ્રદેશમાં લટાર મારવા નીકળી જવા જેવું છે. એમ કરવાથી જિંદગીના અનેકાનેક રહસ્યો કદાચ સમજી શકાય, કદાચ ત્યાંથી જ કલ્યાણકારી તત્ત્વ પણ પામી શકાય, શકય છે કે આપણે માટે ત્યાંથી જ અનંતનાં બારણાં ઊઘડી જાય. આ અનંતનાં બારણાં ઊઘડી ગયા પછી ધર્મ અને કર્મ જુદા નથી રહેતાં. એક જ લાગે છે. કર્મનો ય એક સિધ્ધાંત છે એ વાત ધર્મના સાચા મર્મનો જાણતલ જાણે છે.

હમણાં આપણી ભાષાના કવિ મકરન્દ દવે દ્વારા લિખિત ત્રેસઠ પાનાંની એક નાની પુસ્તીકા ''યોગી હરનાથના સાંનિધ્યમાં' હાથ લાગી. ૧૯૬૬ની આસપાસ એ પ્રગટ થઈ હતી ને અત્યાર સુધીમાં તેની આઠેક આવૃત્તિઓ પ્રગટ થઈ ચૂકી છે. મકરન્દભાઈ અધ્યાત્મના એવરેસ્ટ સુધી પહોંચેલા માણસ. એમની કવિતાઓમાં એ રંગ દેખાય.

'યોગી હરનાથના સાંનિધ્યમાં'ની પ્રસ્તાવનામાં મકરન્દભાઈ લખે છે : ''આપણા જીવનનો ઘણો ખરો ભાગ મનને ભોંયતળિયે કે ભંડકિયામાં વીતે છે. જીવનના આ આલીશાન મહાલયમાં એથી અદકેરી મોકળાશ ને હવા-ઉજાસવાળા કમરા છે. અને જયાં પરમ મુકિતને આનંદની લેરખી આવ્યા જ કરે છે એવી આભ સમી અગાસી પણ છે.'' મકરન્દભાઈના ચૈતન્યસભર વ્યકિતત્વનાં દર્શન કરવા તેમના ઉપર ટાંકેલા વિચારો પૂરતા છે. પણ વાત કરવી છે યોગી હરનાથની. તેઓ કહે છે :

''આ વિશ્વમાં કાંઈ અકારણ નથી; અહેતુક નથી અને અચાનક - અકસ્માતરૂપે પણ નથી. દરેકના કાર્યકારણની સાંકળ અદીઠ રીતે વણાઈ ગઈ હોય છે. તમારા દરેક કર્મનો હિસાબ રાખનારું કોઈ બેઠું છે તે કદાપિ ન ભૂલશો. યમરાજના દરબારમાં ચિત્રગુપ્તને ચોપડે તમારું કાર્ય ચડી ગયું જ હોય છે.

ચિત્રગુપ્તનો ચોપડો એ પરીકથા જેવું લાગે છે ને ! પણ ખોટું નથી હોં ભાઈ, તલમાત્ર ખોટું નથી. આપણા પૌરાણિક દ્રષ્ટાઓ શબ્દના સ્વામી હતા અને બહુ કલ્પનારમ્ય રીતે એ સનાતન સત્ય કહેતા આવ્યા છે. ચિત્રગુપ્તનો ચોપડો તો ગુરૂમહારાજની કૃપાથી થોડોઘણો હું વાંચી શકું છું, એટલે આ કહું છું. ચિત્રગુપ્ત એટલે તમારા દરેક કાર્યની તમારા અંતઃકરણ પર જે છાપ પડયા કરે છે તે - ગુપ્ત ચિત્ર. દરેક કાર્યની સૂક્ષ્મ સંસ્કારરૂપે ફોટો-ફિલ્મ પડી જાય છે. મૃત્યુ પછી પણ એ માનવીની સાથે આવે છે અને સમય જતાં પાકકાળે એનાં ફળ ભોગવવાં જ પડે છે.'' ગિરનારી યોગી હરનાથના આ અમૃત વિચારો આપણા હૃદયકુંજમાં આપણે સ્થાપીએ એવી આશા અપેક્ષા સાથે નાનકડી પુસ્તીકાનું સારતત્ત્વ આપને માટે રજૂ કર્યું છે. કવિ મકરન્દ દવેના જ શબ્દો છે 'ગમતાંનો કરીએ ગુલાલ.' ઘણી વાર આપણને જે ગમે તે આપણે આપણી મુઠ્ઠીમાં બંધ કરી દઈએ છીએ. વહેંચતા નથી. વેચનારા તો ઠેર ઠેર અથડાય છે પણ કમી વહેંચનારાઓની છે. જો વહેંચતા આવડી જાય તો ન્યાલ થઈ જવાય. જે આપે છે તે પામે છે. આપીને પામવાની કળા શીખવા જેવી છે.

તા. ૧૫ માર્ચ, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## માર્ગદર્શન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર વિભાગની શિક્ષણ પૂરક તથા શિક્ષણેત્તર પ્રવૃત્તિ સમિતિ દ્વારા યુનિવર્સિટી તથા વિભાગના સહકારથી વિભાગના વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દી બનાવવા તેમજ ઈન્ટરવ્યુની સફળતા અંગે માર્ગદર્શન માટે શ્રી કીશનભાઈ પટેલના તા. ૪-૨-૧૪ તથા તા. ૧૧-૨-૧૪ દરમ્યાન ૩-૩ કલાકના સ્પેશીયલ ગેસ્ટ લેકચર રાખવામાં આવેલ. આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રી આર.ડી. પટેલ તથા વિભાગના શિક્ષણ પૂરક તથા શિક્ષણેત્તર પ્રવૃત્તિની સમિતિના અધ્યક્ષ ડૉ. એ.જે. રાજયગુરૂના જણાવ્યા અનુસાર Degree level સુધી ગુજરાતી માધ્યમમાં ભણ્યા પછી વિદ્યાર્થી જયારે post-Gradution માટે આવે છે ત્યારે અંગ્રેજી માધ્યમમાં ભણવાનું હોય તથા PG પુરું કર્યા પછી સારી નોકરી કે સારા વ્યવસાયની ઈચ્છા હોય તો ડિગ્રી માત્ર entry pass છે. નોલેજ તે હરીફાઈમાં ટકવા તથા આગળ વધવા માટે જરૂરી છે અને આ બંને સાથે જો વિદ્યાર્થી પોતાની Soft-skills ને develop નહિં કરે તો ડિગ્રી તથા નોલેજ હોવા છતાં પણ ધારેલી સફળતા નહિં મેળવી શકે.

વિદ્યાર્થીઓની Soft-skills development માટેના આ કાર્યક્રમમાં તેમને તેમના Professional future planning અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. તેઓ પોતાની ખામીઓને પોતાની ખુબીઓમાં ફેરવવા સકારાત્મક વલણ અને દ્રષ્ટિકોણનો કઈ રીતે ઉપયોગ કરી શકે તેમજ બિન જરૂરી કામોમાં વેડફાતા સમયનો સદ્ઉપયોગ કઈ રીતે કરવો અને આધુનિક તકનીકનો મહત્તમ ઉપયોગ કરી અભ્યાસને રસપ્રદ કઈ રીતે બનાવવા તે અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવેલ.

સદર કાર્યક્રમ શ્રી કીશનભાઈ પટેલ SWOT Analysis, Public speaking, Effective resume preparation, presentation skill જેવા વિષયો વિષે વિદ્યાર્થીઓને Training આપેલ જેનો લાભ વિભાગના M.Sc. Statistics અને Applied Statisticsના ૬૦ વિદ્યાર્થીઓએ લીધેલ. આ Training performance based હતી. જેમાં દરેક વિદ્યાર્થી પર વ્યકિતગત ધ્યાન આપવામાં આવેલ. Training દરમ્યાન શ્રી કીશનભાઈ પટેલના માર્ગદર્શન અનુસાર દરેક વિદ્યાર્થીએ Discussion/presentation આપ્યું હતું.

## વ્યાખ્યાન

નોર્થ, મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાવના સ્કુલ ઓફ ફીઝીકલ સાયન્સીઝ દ્વારા યોજાયેલ નેશનલ વર્કશોપમાં ભૌતિકશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. કિશોરભાઈ પોરીયાએ "નેચરલી ગ્રોવન એન્ડ ફીઝીકલી રીમૂવ્ડ કીડની સ્ટોન્સ : ફીઝીકલ પ્રેકટીસ ફોર મેટાબોલીક બેઝીઝ" વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે, વિજ્ઞાનનો આટલો વિકાસ થયો હોવા છતાં શરીરમાં થતાં કીડની સ્ટોનમાં રાસાયણિક ઘટકોની જાણકારી, શરીરમાંથી દૂર કરવા માટે વપરાતી અદ્યતન સર્જરી ટેકનીકો હોવા છતાં સ્ટોન થવાનાં કારણો આજદિન સુધી અજ્ઞાત રહયા છે. ક્રિસ્ટલ ગ્રોથ થીયરી અને વિવિધ અત્યંત આધુનિક વિશ્લેષણ ટેકનીકથી કીડની સ્ટોન થવાનાં કારણો જાણી શકાય તેમ છે. તેઓએ સમગ્ર ગુજરાતમાંથી ૧૨૦ જેટલાં સ્ટોન મેળવી તેનાં આનુષાંગિક ડેટાબેઝ અને વિશ્લેષણ રજુ કર્યું હતું. આ ઉપરાંત જામનગર જીલ્લામાંથી મેળવેલ કીડની સ્ટોનમાં એલ્યુમીનયમ તથા દક્ષિણ ગુજરાતના દરીયાઈ કાંઠા વિસ્તારમાંથી મેળવેલ સ્ટોનમાં સીલીકોનનું પ્રમાણ જોવા મળેલ તેને લાગતાં અવલોકનો આ રજુઆતમાં દર્શાવ્યા હતા.

## પબ્લિકેશન

યુનિવર્સિટીના નીચે મુજબના ગ્રંથો યુનિવર્સિટીની હિસાબી શાખામાંથી ૨૦ ટકા વળતરથી પ્રાપ્ત થશે. (૧) સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદ્રષ્ટા : વીર નર્મદ (સંપાદક : ડૉ. જગદીશ ગૂર્જર) રૂા. ૩૦૦.૦૦. વેચાણ કિંમત રૂા. ૨૪૦.૦૦ (૨) Society and Literature : Narmad in Critical Discourse (Editor : Dr. Rakesh Desai) રૂા. ૪૦૦.૦૦. વેચાણ કિંમત રૂા. ૩૨૦. (૩) અસ્મિતાના ઉદ્ગાતા : ક.મા. મુનશી (સંપાદક : ડૉ. જગદીશ ગૂર્જર) રૂા. ૩૦૦.૦૦. વેચાણ કિંમત રૂા. ૨૪૦.૦૦



A function for the release of First Issue of Journal of Law was held on 11st March, 2014, Tuesday at Room No. 104, VNSGU Campus. The Journal was released by Vice Chancellor Dr. Dakshesh Thakar, Dean of Law Faculty Dr. J. T. Desai and Syndicate Member and Principal Dr. V. B. Desai. Vice Chancellor appreciated this activity and advised to continue the publication every year and to maintain the quality of Journal.

## સ્પર્ધા

માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામના વિદ્યાર્થીઓએ તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ ચરોતર યુનિવર્સિટીના ચારૂસત કેમ્પસમાં આવેલા ઈન્દુકાકા ઈપ્કોવાલા ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, ચાંગા ખાતે યોજવામાં આવેલા ૨ દિવસના કોન્વેગ્નો કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને તેમાં કોલાજ મેકીંગ હરિફાઈમાં દ્વિતિય ક્રમે વિજય મેળવ્યો છે.

## આરોગ્ય

માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૪ના રોજ એસ.વી.એન.આઈ.ટી.થી અઠવાલાઈન્સ સુધી તમાકુ વિરુધ્ધ વ્યસન મુકિત રેલી યોજવામાં આવી હતી. જેમાં અધ્યાપકો અને વડાશ્રીએ હાજરી આપી હતી.

## G-SLET

યુનિવર્સિટીના કર્મચારી શ્રી જીતેશકુમાર ક. ટોપીવાલાએ ડિસેમ્બર-૨૦૧૩માં લેવાયેલ જી-સ્લેટ પરીક્ષા લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સમાં પસાર કરેલ છે. અભિનંદન.

## કર્મચારી મંડળ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વર્ષ -૨૦૧૪ માટે વહીવટી કર્મચારી મંડળની રચના થઈ છે. જેમાં શ્રી એફ. એન. વસાવા-પ્રમુખ, શ્રી એસ. બી. વાલેકર-મંત્રી, તથા ઉપપ્રમુખ શ્રી શંકરભાઈ પરમાર તથા શ્રી એ. એચ. મલેકની બિન હરિફ વરણી થયેલ છે.

## એન.એસ.એસ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની રાષ્ટ્રીય સેવા યોજના માટેની યુનિવર્સિટી સલાહકાર સમિતિની સભા તા.૧૦/૩/૨૦૧૪ના રોજ યુનિવર્સિટી ખાતે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલસચિવ શ્રી ડૉ. જે. આર. મહેતા, એન. એસ. એસ. પ્રાદેશિક કચેરી, અમદાવાદના યુથ ઓફિસર અને વડાશ્રી કમલકુમાર કર, એન. એસ. એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. એ. એન. માલવિયા, એન. એસ. એસ. ટ્રેનિંગ સેન્ટરના હેડ તથા ગુજરાત વિદ્યાપીઠ રાષ્ટ્રીય સેવા યોજનાનાં પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. અરુણભાઈ ગાંધી, નહેરુ યુવા કેન્દ્રના જીલ્લા સંયોજક મનીષાબેન શાહ તથા યુનિવર્સિટી સલાહકાર સમિતિનાં સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે એન. એસ. એસ. દ્વારા સમાજ સેવાની વિવિધ કામગીરીને વધુ વેગ કઈ રીતે આપી શકાય તે અંગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સમયમાં કુલપતિશ્રી દ્વારા એન. એસ. એસ. નાં ઉપક્રમે પાણી બચાવ, પર્યાવરણ જાળવણી, ચેકડેમ તૈયાર કરવા જેવી વિશિષ્ટ કામગીરીને ખાસ અગ્રીમતા આપવામાં આવે એવું ખાસ સૂચન કરવામાં આવ્યું હતું. આ સભામાં યુનિટોની ફાળવણી, નવી કોલેજને એન. એસ. એસ. યુનિટોની મંજૂરી, સ્વનિર્ભર કોલેજોને સ્વનિર્ભર ધોરણે એન. એસ. એસ. યુનિટની મળેલ મંજૂરીની નોંધ ઉપરાંત યુનિવર્સિટી સ્તરે ત્રણ દિવસના ખાસ શિબરનું આયોજન કરવું વિગેરે બાબતોની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત એન. એસ. એસ.માં વિશિષ્ટ કામગીરી કરવા બદલ રાષ્ટ્રીયકક્ષાનો એન. એસ. એસ. ઈન્દિરા ગાંધી એવોર્ડ પ્રાપ્ત કરનાર એસ. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. મંયકભાઈ શાહ, જે. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર, તથા સ્વયંસેવક સુનિતાકુમારી, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની વિશિષ્ટ સિધ્ધિને પણ બિરદાવવામાં આવી હતી.

# કોલેજ ન્યૂઝ

## ગૌરવ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન શ્રી મણીલાલ કડકીયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડી કડકીયા ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પંકજભાઈ કડકીયા તથા ટ્રસ્ટી શ્રી પ્રો ડૉ. નિરંજન પંડ્યાના માર્ગદર્શન હેઠળ તથા આચાર્ય તથા કેમ્પસ ડાયરેકટર ડૉ. બી. કે. ભટ્ટ દ્વારા કરવામાં આવેલ રજૂઆત તથા પ્રયત્નોને પરિણામે તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દિલ્હી દ્વારા યુજીસી એકટ, ૧૯૫૬ સેકશન ૨ (એફ) અંતર્ગત તેના બી.બી.એ તથા બી.સી.એ. સ્નાતક કક્ષાના ડિગ્રી કોર્સને માન્યતા પ્રદાન કરવામાં આવેલ છે. બિન અનુદાનિત સ્વનિર્ભર કક્ષાની બી.બી.એ., બી.સી.એ. કોલેજને યુજીસીની સદર માન્યતા પ્રાપ્ત થઈ જે કોલેજ માટે તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે અતિ ગૌરવપૂર્ણ બાબત છે. કારણ કે સમસ્ત દક્ષિણ ગુજરાત વિસ્તારની યુજીસી માન્યતા પ્રાપ્ત કરનાર શ્રી કડકીયા કોલેજના સ્વનિર્ભર બી.બી.એ. તથા બી.સી.એના કોર્સ એ સો પ્રથમ છે. કદાચ સમગ્ર ગુજરાત રાજયમાં પણ આ પ્રકારની માન્યતા પ્રાપ્ત કરવાનું શ્રેય અંકલેશ્વર સ્થિત શ્રી મણિલાલ કડકીયા, બી.બી.એ. તથા બી.સી.એ. કોલેજને ફાળે જાય છે.

## પરિસંવાદ

- બીલીમોરાની શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયે શ્રી વન વિદ્યાલય, આંબાવારી ખાતે "વર્ગખંડમાં અસરકારાક ગણિત અધ્યાપન" વિષયક એક દિવસીય સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો. વાંસદા તાલુકા અને ડાંગ જિલ્લાની તમામ માધ્યમિક શાળાના ગણિત વિષય શિક્ષકોના સેમિનારમાં ઉદ્‌ઘાટક તરીકે નવસારી શ્રી મહાદેવભાઈ દેસાઈ અને અતિથિવિશેષ તરીકે આચાર્ય ડૉ. કમલેશભાઈ ઠાકોર ઉપસ્થિત રહયા હતા. કોર્સ ડાયરેકટર ડૉ. કિશોરભાઈ નાયકે સહુને આવકારી સેમિનારની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરી હતી. ખૂબ સફળ રહેલા આ સેમિનારમાં તજજ્ઞ તરીકે ધી અંબિકા હાઈસ્કૂલ, ગડતના આચાર્યશ્રી મિનેષભાઈ નાયક, પ્રા.ડૉ. નમ્રતાબેન પટેલ અને પ્રિ.ડૉ. કિશોરભાઈ નાયકે સેવા આપી હતી. સંચાલન કોર્ડિનેટર ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કર્યું હતું.
- તા. ૨૩-૧૨-૧૩ના રોજ શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડનાં ટી. વાય. બી. કોમ. નાં વિદ્યાર્થીઓ માટે 'રીઝયુમ પ્રિપેરશન અને ઓફીસ એટીકેટસ' અંગેનો સેમિનાર સુરતના ગ્રૂપ ઈન્સ્ટીટ્યુટ ઓફ આઈ. ટી. એન્ડ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં પ્રભાવશાળી તાલીમ નેશનલ ગ્રૂપના ટ્રેઈનર શ્રીમતિ હેતલબેન ગજ્જરે રસપ્રદ રજૂઆત આઈ.સી.ટી.ના માધ્યમથી કરી.
- શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ સંચાલિત નારણલાલા સ્કૂલ ઓફ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ દ્વારા કેરિયર ગાઈડન્સ સેમીનારનું આયોજન શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૪-૧૨-૧૩ નાં રોજ ટી.વાય.બી.કોમ.નાં વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું હતું જેમાં નારણલાલા કોલેજના પ્રા. વિશાલભાઈ માલી તથા પ્રા. સીમાબેન સૂર્યવંશી દ્વારા કરિયર અંગે માર્ગદર્શન આપ્યું હતું.
- શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના ટી. વાય. બી. કોમ. નાં વિદ્યાર્થીઓને તા. ૨૮-૧-૧૪ રોજ માણસા, ગાંધીનગરનાં સ્વામી વિવેકાનંદ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત , શ્રીમતી એસ. જી. રાવ કોલેજ ઓફ ટીચર્સ એજયુકેશન દ્વારા વિદ્યાર્થીઓના કારકિર્દીના ઘડતર અંગેનું માર્ગદર્શન આ સંસ્થાના અધ્યાપકો શ્રી અમૃતભાઈ ડી.સેનમા, શ્રી સંજયભાઈ કે. મકવાણા તથા શ્રી જયેશભાઈ આર. રાવત દ્વારા આપવામાં આવ્યું. હતું તેઓએ વિદ્યાર્થીઓને પોતાનાં જીવનના ઉદ્દેશને સ્પષ્ટપણે નકકી કરી આત્મવિશ્વાસથી આગળ વધવાનો ઉપદેશ આપ્યો હતો.
- GCERT - ગાંધીનગર અને CTE - શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય બીલીમોરાના સંયુકત ઉપક્રમે વલસાડ જિલ્લાના આચાર્યો માટે 'ઉત્કૃષ્ટ નેતૃત્વ' વિષયક એક દિવસીય સેમિનાર અતુલ કલબ, અતુલ ખાતે યોજાયો હતો. સેમિનારના ઉદ્‌ઘાટક તરીકે વલસાડના નાયબ શ્રી જયેશભાઈ પટેલ અને અધ્યક્ષ સ્થાને અતુલ કેળવણી મંડળના મેનેજીગ ટ્રસ્ટી ડૉ. વિશ્નોઈ અને અતિથિ વિશેષ પદે મંડળના સેક્રેટરી શ્રી સુનીલભાઈ હાંસોટીએ હાજરી આપી. સંસ્થાના સુકાની અને કોર્સ ડાયરેકટર ડૉ.કિશોરભાઈ નાયકે કાર્યક્રમનો હેતું સ્પષ્ટ કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી તેમણે જણાવ્યું હતું કે નેતૃત્વ માટે આયોજન એ પૂર્વશરત છે. શાળાના બધા જ ઘટકોનું વ્યવસ્થિત સંકલન થાય તો જ શિક્ષણમાં ગુણવત્તા આવી શકે. સેમિનારમાં તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહેલા શિક્ષણચિંતક શ્રી મહાદેવભાઈ દેસાઈએ સ્વનેતૃત્વની ચર્ચા કરી હતી. આ દેશને માટે ઉમદા, ચારિત્ર્યવાન અને ઉત્તમ નાગરિકો સર્જવાનું કામ શિક્ષકો જ કરી શકે જેની ચર્ચા ઉદાહરણ સાથે કરી હતી. બીજા સેશનમાં વિદ્વાન કેળવણીકાર શ્રી મનસુખભાઈ સલ્લાએ બાળકોને સ્વપ્રયત્ને ખીલવી વહીવટમાં અને વ્યવસ્થાપનમાં મૂલ્યો અને આદર્શો જાળવવાની ચર્ચા

ગાંધીવિચારને કેન્દ્રમાં રાખી કરી હતી. સમાપન કાર્યક્રમમાં સહભાગી આચાર્યોએ પ્રતિભાવો આપી સંતોષ વ્યકત કરી સ્વીકાર્યું હતું કે આ સેમિનાર અમને ઉત્તમ નેતૃત્વ પુરું પાડવા માટે માર્ગદર્શક અને પ્રેરણાદાયી નીવડશે. આ કાર્યક્રમનું સંકલન અને આભારવિધિ કો-ઓર્ડિનેટર ડૉ. કલ્પેશભાઈ ટંડેલ કરી હતી.

## પુસ્તક

- શાહ અને.એચ.કોમર્સ કોલેજ વલસાડમાં લાયબ્રેરી સમિતિના નેજા હેઠળ પુસ્તક પરિચય હારમાળા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૯-૧૨-૧૩ના રોજ ગાર્ડા કોલેજ, નવસારીના પ્રા. ડૉ. ધર્મવીર ગુર્જર દ્વારા ડૉ. સુરાણી લિખિત પુસ્તક "સફળતા કોઈનો ઈજારો નથી" પુસ્તકનો પરિચય કરાવવામાં આવ્યો.
- શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ સંકુલ અંકલેશ્વરમાં આવેલ સ્વામી નારાયણરૂપ બી. એડ્. કોલેજમાં પુસ્તક સમીક્ષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૯૭ તાલીમાર્થીઓને જુદા-જુદા પુસ્તકો સમીક્ષા માટે આપવામાં આવ્યા હતા. સ્પર્ધાત્મક તબક્કે તાલીમાર્થીઓને વિવિધ સાત ગૃપમાંથી પ્રથમ આવેલા સ્પર્ધકોએ પોતાના પુસ્તકની સમીક્ષા કરી હતી. જેમાં પ્રથમ નંબરે પરમાર વિરલબેન, દ્વિતિય ક્રમે ગોહિલ મિનલબેન, તેમજ તૃતીય ક્રમે નમાઝી યાસીનભાઈ રહયા હતા. પસંદગી પામેલા સ્પર્ધકો એ 'ઓબામા', 'કુરાન સાર' જેવા પુસ્તકની વિવિધ પ્રેરણાત્મક બાબતોની રજૂઆત કરી હતી. આ પ્રસંગે ગુરૂકુલ સ્કુલના પ્રાથમિક આચાર્યશ્રી ત્રિવેદી દર્શનાબેન અને પટેલ આશાબેને નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.
- વલસાડની શાહ એન. એચ. કૉમર્સ કોલેજની લાયબ્રેરી સમિતિના નેજા હેઠળ પુસ્તક પરિચય હારમાળા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૫/૧/૧૪ના રોજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના આચાર્યશ્રી ડૉ. ઈસ્માઈલભાઈ ભાણાએ શ્રીમદ્ ભાગવત ગીતા' ના મુખ્ય શ્લોકોના ભાષાંતર દ્વારા સમગ્ર ૧૮ અધ્યાયો ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા.
- શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પ્રિ. ર્ડા. જે. એમ. નાયકના પ્રોત્સાહન થકી ચાલતા વિદ્યાર્થીઓ માટેના પુસ્તક પરિચય કાર્યક્રમ આંતર્ગત કાર્યક્રમ ઈન્ચાર્જ ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ શ્રી અહમદ અબ્બાસે ડૉ. ગાલા લેખકોની કૃતિ "હૃદયરોગ અટકાવો, આયુષ્ય લંબાવો' પુસ્તકનો રસાસ્વાદ કરાવ્યો હતો.
- કોમર્સ કોલેજ, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં પુસ્તક પરિચય કાર્યક્રમ અંતર્ગત કુ. રશ્મિ પરમારે "મેઘાણીની શ્રેષ્ઠ વાર્તાઓ" પુસ્તકનો પરિચય કરાવ્યો હતો.

## ઉજવણી

- બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં શ્રીનિવાસ રામાનુજનની ૧૨૬મી જન્મ જયંતિને ગણિત દિવસ તરીકે વૈવિધ્યસભર રીતે ઉજવવામાં આવી. જેમાં ડૉ. કિન્નરીબેન પટેલે વૈદિક ગણિત અને જીવનમાં ગણિતની ઉપયોગિતા વિશે પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યુ હતું. ત્યાર બાદ ગણિત પધ્ધતિના તાલીમાર્થીઓ દ્વારા રામાનુજનના જીવન, તેમના કાર્ય અને તેમણે કરેલી શોધો વિશે, આર્યભટ્ટના જીવન વિશે, ગણિતનું કાવ્ય ગમ્મતની રમતો, ગણિત વિશેનું નાટક, ગણિત વિશેની પ્રશ્નોતરી વગેરે રજૂ કરવામાં આવ્યા હતા.
- સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્ કોલેજ અંકલેશ્વર અને સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રી કોલેજ ઓફ કોમર્સમાં ૩૧ ડિસેમ્બરની ઉમળકાભેર ઉજવણી કરવામાં આવી હતી. તાલીમાર્થીઓએ આ પ્રસંગે નાટક, ગઝલ, ગીત, નુત્ય, ડાન્સ, એકપાત્રીય અભિનય અને હાસ્ય દરબાર રજૂ કરી સમગ્ર વાતાવરણ ઉજવણીમય બનાવ્યું.
- વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. સુરતમાં વિવેકાનંદજીની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ઈ.આચાર્ય શ્રી. ડૉ. દિલીપભાઈ પટેલે પ્રાંસગિક ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમ નિમેતે "વિવેકાનંદજીના વિચારો" પર વકતૃત્વ નિબંધ અને પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ વિવેકાનંદજીના જીવન પ્રસંગ પર આધારિત જુદી જુદી કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. જેમાં "વકતૃત્વ સ્પર્ધા" માં પ્રથમ ક્રમે લાડ આશા દ્વિતિય ક્રમે બારોટ કિંજલ તથા તૃતિય ક્રમે પટેલ નીતા વિજેતા બન્યા હતા. "નિબંધ સ્પર્ધા" માં પ્રથમ ક્રમે પટેલ પારૂલ દ્વિતિય ક્રમે સોડચિયા રૂપિકા તથા તૃતિય ક્રમે શેખ મિનાઝ વિજેતા બન્યા હતા. આ બંને સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભૂમિકા પ્રા. વલ્લભભાઈ ઠંઠે અને પ્રા.ધ્વનિ શુકલએ ભજવી હતી. "પોસ્ટર સ્પર્ધા" માં પ્રથમ ક્રમે ચૌધરી નિલમ દ્વિતીય ક્રમે રુચી વિજેતા બન્યા હતા. જેમાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ.દિલીપભાઈ પટેલ અને પ્રા. વલ્લભભાઈ ઠંઠે ભજવી હતી.
- શિક્ષણ ભારતી કોલેજ એજ્યુકેશન, સુરતમાં મહાત્મા ગાંધી નિર્માણ દિને ઈન્ચાર્જ આચાર્યશ્રી નયનાબેન ચૌહાણ તથા સમગ્ર અધ્યાપક વૃંદ દ્વારા ગાંધીજીની પ્રતિકૃતિને દીપ સૂતરના હાર, પૂજન વંદના થઈ હતી. ત્યારબાદ તાલીમાર્થી ભાઈ-બહેનો દ્વારા સુવિચાર, ગાંધી-જીવન કાવ્યપઠન, ગાંધીજીના જીવન પ્રસંગો, પ્રેરક પ્રસંગો, વૈષ્ણવજન જેવા વિવિધ ભજનો, ગાંધીગીતો, રાષ્ટ્રપ્રેમને લગતા તેમજ શહીદોના ગીતો, બુલેટિન, બોર્ડવર્ક રજૂ થયા હતા. અંતે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.
- બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન બારડોલીમાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ગાંધીગીત તથા વ્યકિત વિશેષ તરીકે ગાંધીજીના જીવનકાર્ય વિશે અધ્યાપકો દ્વારા રજૂઆત થઈ હતી. ગાંધીજીએ કરેલા સત્યાગ્રહો વિશેના પ્રસંગો વિશેની ફિલ્મ બતાવવામાં આવી હતી અને બારડોલી સ્થિત ઘરડાંઘરની મુલાકાત લઈને બીસ્કીટ તથા ફળોનું વિતરણ કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે કર્યુ હતું. તદ્ઉપરાંત સપ્તધારા - જ્ઞાનધારા અંતર્ગત ગ્રંથાલય દિવસની ઉજવણી પ્રસંગે યોજાયેલ પ્રેરણાસભામાં એન. એચ. શાહ કોમર્સ કોલેજ વલસાડના પ્રિ. જે. એમ. નાયકે 'પુસ્તકો અને વાંચન' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે યોજાયેલ પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં - આહિર ભાવિની એચ, દ્વિતીય જીજાળા ત્રિકમભાઈ વિજેતા થયા હતા. વધુમાં કવીઝ સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. ગ્રંથાલય દિવસની ઉજવણીનું આયોજન ગ્રંથપાલ શ્રી અશોકભાઈ રાઠોડે કર્યુ હતું.
- શિક્ષણ ભારતી કોલેજ એજ્યુકેશન, સુરતમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા સ્વામી વિવેકનંદજીના જીવનોપયોગી પ્રસંગો, શિક્ષણમાં પ્રદાન, વકતવ્યો રૂપે દેશભકિત ગીત , બોર્ડવર્ક, બુલેટિનબોર્ડ ઉપર વિવિધ પોસ્ટર્સ રજૂ કર્યા હતાં તથા સ્પોર્ટસ મંત્રીશ્રી આ. પ્રો. દેવાંગનાબેન પટેલ આ.પ્રો. રાજેન્દ્રભાઈ ચૌધરી દ્વારા કોલેજમાં રામત-ગમત દિવસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ક્રિકેટ (ભાઈઓ), ખો-ખો (બહેનો), લીંબુ ચમચી, દોરડા - ખેંચ, સંગત ખુરશી, ગોળા ફેંફ રમતો રમાઈ હતી.
- શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં શ્રીમતી ગજરાબેન ચીમનભાઈ પરાગજી દેસાઈ કોમ્પ્યુટર સેન્ટરનાં વિદ્યાર્થીઓ દ્વારા

નૂતન વિચારો સાથે ૨૦૧૪ ના વર્ષના પ્રથમ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ચેરીટી માટે ચેરીટી ફંડ ઉભું કરવામાં આવ્યું કે જેથી જે વિદ્યાર્થીઓને આ ફંડમાંથી કોમ્પ્યુટરના કોર્સની ફી આપી શકાય.

અંકલેશ્વર ખાતે આવેલ સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કોલેજમાં પતંગોત્સવ પ્રસંગ મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ તાલીમાર્થીઓને ઉતરાયણ પર્વનું મહત્વ જણાવ્યું હતું તથા સ્વામી વિવેકાનંદની ૧૫૧મી જન્મની પ્રસંગે સ્વામી વિવેકાનંદની જીવનગાથાના ચિત્રોના પ્રદર્શનને મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીએ ખુલ્લું મૂકયું હતું અને ભાવી યુવાન શિક્ષકોને વ્યકિતત્વ ઘડતર માટે પ્રેરણા આપી હતી. પ્રા. સ્નેહાબેન પટેલે "વિવેકાનંદના વિચારોને આપનાવીએ" વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

## એન.એસ.એસ.



ઈનરવ્હીલકલબ બીલીમોરા અને વી.એસ પટેલ કોલેજના સંયુકત ઉપક્રમે કેન્સર અંગે એક રેલીનું આયોજન કોલેજ કેમ્પસથી સોમનાથમંદિર સુધી કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ.એમ.એન. વશીએ ઈન્રવ્હીલ કલબના હોદ્દેદાર અને સભ્યોને આવકાર આપી જણાવ્યું કે રેલીનું આયોજન કરવાથી સમાજમાં યોગ્ય જાગૃતી આવશે અને વિદ્યાર્થીને પણ ફાયદો થશે. ઈન્રવ્હીલ કલ્બના પ્રમુખ શ્રીમતી લોપાબેન પટેલે સૌને અભિનંદન આપી પીન્ક રીબન દરેક વિદ્યાર્થીને પહેરાવી હતી. કેન્સર જાગૃતિ માટે ડોકટર વિજય દેસાઈએ વિદ્યાર્થીભાઈઓ બહેનોને પ્રવચન દ્વારા લોકોને કેન્સર કેવી રીતે થઈ શકે, તે કેવી રીતે એને તેના ઉપાયો અંગે ખૂબ ઝીણીવટપૂર્વક સમજણ આપી હતી. અને રેલીને ઉદ્દબોધન કર્યું હતું. આ કાર્યક્રમ માટે આરોગ્યશાળાના ડો. ગઢવીએ પોસ્ટર આપ્યા હતા. અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને.એસ.એસ. ઓફીસર જયંતભાઈ, મેજર ભાવેશ દેવતા અને ડી.ઝેડ સુકાનીએ કર્યુ હતું.

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ વાલીયામાં રાષ્ટ્રીય સેવા યોજનાનો ખાસ શિબિર વટારીયા તાલુકો વાલીઆ મુકામે વટારીયા પ્રાથમિક શાળાના મકાનમાં તા.૩૦/૧૨/૧૩ થી તા.૫/૧/૧૪ દરમ્યાન યોજાઈ ગયો આ શિબિરનો ઉદ્દ્ઘાટન સમારંભ વટારીયા ગામના સરપંચશ્રીની અધ્યક્ષતામાં યોજાયો ડો. માલવિયાએ એન.એસ.એસ સ્વયંસેવક બહેનોને એન.એસ.એસ. શું છે. તેની વિસ્તૃત માહિતી આપી સમાજને કઈ રીતે આપણે ઉપયોગી થઈ શકીએ એ વાત કરીને સ્વયંસેવક બહેનોને રાષ્ટ્રીય સેવા કરવાની ઉમદા શીખ આપી હતી અને કેમ્પની સફળતા ઈચ્છી હતી. શિબિરાર્થીઓએ શ્રમ અને સફાઈકાર્ય રમત ગમત જનજાગૃતિરેલી વ્યસન મુકિત પર ભાર મૂકીને સાથે ગરીબ અભણ આદિવાસીઓને તેમનુ નામ અને સહી કરતા શિખવ્યું હતું. આ પ્રસંગે પ્રિ. શ્રી પંડયા અને કોલેજના ટ્રસ્ટીશ્રી શ્રી સાયણીયાએ પણ સ્વયંસેવક બહેનોને રાષ્ટ્રની સેવા કરવાની ઉમદા પ્રેરણા આપી હતી.

સરદાર વલ્લભાઈ પટેલની પુણ્યતિથી નિમિત્તે 'ગુજરાત સરકાર' ના માર્ગદર્શન હેઠળ વલસાડ ખાતે યોજાયેલ 'રન ફોર યુનિટી' માટે વલસાડ કોમર્સ કોલેજના એન.એસ.એસ., એન.સી.સી.તથા સ્પોર્ટસનાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ વલસાડમાં ચાલતી એન.એસ.એસ. અંતર્ગત થતી અનેકવિધ પ્રવૃતિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર કુ. સુનિતા રાજેશને ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના હસ્તે રાષ્ટ્રપતિ 'ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય સેવા યોજના' પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. તદ્પરાંત એન.એસ.એસ.માં જોડાયેલા ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ 'યુવા સપ્તાહ' ઉજવણીનાં પરિપ્રેક્ષ્યમાં સૌ પ્રથમ કોલેજ કેમ્પસના કોલેજ બિલ્ડીગ આગળના બગીચામાં સફાઈ કામ કર્યું હતું.



નવયુગ સાયન્સ કોલેજ, એન. એસ. એસ. એકમ દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતિ નિમિત્તે તા. ૨૦-૦૧-૧૪નાં દિવસે IGP સુરત -શ્રી હસમુખભાઈ પટેલનું વક્તવ્ય યોજાયું. આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલ નેતાજીનાં જીવનપ્રસંગનું વર્ણન કરીને સ્વાગત પ્રવચન કર્યું. શ્રી હસમુખભાઈએ વિદ્યાર્થીઓને માત્ર પરીક્ષાલક્ષી ન રહેવા અને સમાજ ઉપયોગી જીવન જીવી દેશના વિકાસ પર ભાર મુકયો હતો. અને યુવાનોને વ્યસનમુકત રહેવા અપીલ કરી હતી. પ્રશ્નોતરી દરમિયાન વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ દર્શાવ્યો હતો અને શ્રી હસમુખભાઈએ પોતાના જીવન પ્રસંગો દરમિયાન મળેલા પ્રમાણિક વ્યકિતના ઉદાહરણ વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થયા. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરશ્રી સંજય પંડયાએ કર્યું હતું.

શ્રીમતી કુસુમબેન કડકિયા આર્ટ્સ કોમર્સ કોલેજ, અંકલેશ્વરના રાષ્ટ્રીય સેવા યોજનાનો વાર્ષિક શિબિર નવી દીવી ખાતે યોજવામાં આવ્યો હતો. તા. ૭-૧-૧૪નાં રોજ ઉદ્ઘાટન સમારંભમાં નગરપાલિકા પ્રમુખ, તથા અન્ય ગ્રામ જનોની હાજરી રહી હતી. પૂર્ણાહુતિ સમારંભ તા. ૧૩-૧-૧૪નાં રોજ પૂર્વ પ્રમુખ શ્રી સંદીપ પટેલ તથા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક શ્રી ગર્જેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં પ્રોગ્રામ ઓફિસર ડૉ. વર્ષા સી. પટેલે આ વાર્ષિક શિબિરનો સમગ્ર અહેવાલ ટૂંકમાં રજૂ કર્યો હતો. જેમાં બૌધિક પ્રવચન માટે આવેલ શ્રી ઋષિ દવે, હરીશ જોશી, નેશનલ ટ્રેનર પ્રિતેશ પટેલ (વલસાડ), રાજરાજેશ્વર ગિરી મહારાજ, નીતિન દવે, જવાહરભાઈ, કિરણ પટેલ તેમજ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટિશ્રી પંકજભાઈ કડકિયા અને કૉલેજના કેમ્પસ ડાયરેકટર ડૉ.બી.કે. ભટ્ટ, ડૉ. જયશ્રી ચૌધરી, ગ્રામજનો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. નવી દીવીના અલગ અલગ વિસ્તારોમાં શ્રમકાર્ય, સફાઈ અભિયાન તથા સાક્ષરતા જાગૃતી અને વ્યસન મુકિતનાં સૂત્રોચ્ચારો દ્વારા પ્રભાતફેરી કરવામાં

આવી હતી. તા.૧૨-૧-૧૪નાં રોજ સ્વામી વિવેકાનંદની ૧૫૨મી જન્મજયંતિ નિમિત્તે યુવાદિનની ઉજવણી નિમિત્તે સ્વયંસેવકોએ જાગરણ રેલી અંકલેશ્વર નગર તથા નવી દીવી ગામ ખાતે કરી હતી. ગ્રામ અગ્રણી શ્રી મનહરભાઈ વસાવા, શાળાના શિક્ષક શ્રી ભૂપેન્દ્ર રાણા તથા કૉલેજ પરિવારના પ્રા. ગજેન્દ્ર ગોહિલ, મનેષ પટેલ, શ્રી તુષાર સોની તથા G.S. નિકુંજ પટેલનો અમને સહકાર મળ્યો હતો, શ્રી કિરણભાઈ પટેલ જેઓ નહેરૂયુવા કેન્દ્ર સાથે સંકળાયેલા છે એમણે નવી દીવી ગામમાં લોક ભાગીદારી રૂપે 'મા-બાપને ભૂલશો નહિ' વિષયક પ્રેરક કાર્યક્રમનું નિદર્શન કર્યું હતું. અમારા સ્વયંસેવકો જોડાયા હતા. આ સાત દિવસીય શિબિરમાં સ્વયં સેવકોને તેમની કામગીરી બદલ શ્રી સંદીપભાઈ પટેલે બિરદાવ્યા હતા. સાત દિવસનાં શિબિર અંગે સવયં સેવકો હીના પટેલ, નિકુંજ પટેલ, આશિષ પટેલે પોતાના પ્રતિભાવો વ્યકત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રા. વર્ષા પરીખ અને શ્રી તુષાર સોનીએ કર્યું હતું. આ વાર્ષિક શિબિરને સફળ બનાવવામાં કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. જયશ્રીબેન ચૌધરીનો સહકાર સાંપડયો હતો.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ વલસાડના એન.એસ.એસ. દ્વારા યુવા સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ધરમપુરના શ્રી ઉદયચંદ્ર કે. વ્યાસે યુગ પ્રવર્તક, આર્ષદ્રષ્ટા અને આધ્યાત્મિક ગુરૂઃસ્વામી વિવેકાનંદ વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું.

વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજના એન.એસ.એસ. દ્વારા રકતદાન કેન્દ્ર વલસાડના સહયોગથી એક રકતદાન શિબિર કોલેજ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રિ. જે.એમ.નાયક તથા પ્રાધ્યાપકોના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. સ્વયંસેવકોએ વ્યવસ્થા સંભાળી હતી. આ દિવસ દરમિયાન ૩૬ વિદ્યાર્થીભાઈઓ અને ૧૭ વિદ્યાર્થી બહેનો મળી કુલ ૫૪ યુનિટ રકત એકત્ર કરી રકતદાન કેન્દ્ર વલસાડને સુપરત કરવામાં આવ્યું હતું.



તા. ૧૧-૧-૧૪નાં રોજ નવયુગ સાયન્સ કોલેજ, સુરતના એન. એસ. એસ. વિભાગ દ્વારા લોકસમપર્ણ રકતદાન કેન્દ્ર વરાછાના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન થયું હતું. શિબિરનું ઉદ્‌ઘાટન કેન્દ્રના વરિષ્ઠ ડો. કેશવભાઈ સવાણીએ કર્યું રકતદાનનો શુભારંભ આચાર્યશ્રી ડૉ. અશ્વિનભાઈ પટેલના રકતદાનથી થયો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં કુલ ૮૯ યુનિટ બોટલ એકત્ર થઈ હતી. પ્રોગ્રામ ઓફિસર શ્રી પ્રવિણ પટેલ અને શ્રી સંજય પંડયાએ સમગ્ર આયોજન કર્યું હતું. જી. એસ. રૂડકિયા લાલજીએ પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પાડયું હતું.

## G-SLET

નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીના અકાઉન્ટન્સી વિષયનાં પ્રોફેસર શ્રી જમશીદ આર. મરોલીયાએ સપ્ટેમ્બર ૨૦૧૩માં લેવાયેલ જીસ્લેટ કોમર્સ વિષયમાં પાસ કરેલ છે. અભિનંદન.

## વ્યાખ્યાન

શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે તા.૨૧/૧૨/૧૩ના રોજ આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાનમાળા યોજાઈ. જેમાં ખરોડ બી. એડ કોલેજના આચાર્ય ડીન શ્રી ડૉ પ્રફુલ્લસિંહ રાજે વ્યાખ્યાન આપ્યુ હતું. જેમાં તેમણે ભારતીય સંસ્કૃતિ, મનુષ્યજન્મ, શિક્ષકોનો વ્યવસાય શિક્ષકનું ચારિત્ર્ય અનુશાસન અધ્યાપનમાં અભિરુચિ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ વગેરે અંગેની માહિતી આપી હતી.



નવયુગ સાયન્સ કૉલેજ, સુરત ખાતે તા.૨૮/૧૨/૧૩ના રોજ થાપર યુનિવર્સિટી, પંજાબના ડાયરેકટર પ્રો. ડૉ. કુલદીપકુમાર રૈનાનું લિકવીડ ક્રિસ્ટલ વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં રૈનાએ લિકવીડ ક્રિસ્ટલના ઉપયોગો અને બીજી રસપ્રદ વૈજ્ઞાનિક માહિતી વિદ્યાર્થીઓને ખુબ જસરળ શૈલીમાં આપી હતી.

ભારત સરકારના નેશનલ સેમ્પલ સર્વે આફિસ (ફીલ્ડ ઓપરેશન્સ ડીવીઝન) બરોડા ડીવીઝનના ડેપ્યુટી ડાયરેકટર જનરલ એ.કે. ટોપ્રાનીનું આંકડાશાસ્ત્ર વિષયની સમજણ, જાગૃતિ અને કારકિર્દી ઘડતરમાં જુદી જુદી તકો વિષય ઉપર તા. ૯/૧૨/૧૩ના રોજ એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. એ.કે. ટોપ્રાનીએ કારકિર્દી ઘડતરમાં ડીવીઝનની માર્ગદર્શીકા રજૂ કરી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તર કરી હતી.

ઉધના સીટીઝન કોમર્સ કોલેજમાં તા.૩૦/૧૨/૧૩નાં રોજ ઈન્સ્યોરન્સ વિષય પર ધી ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડના નિવૃત્ત એડમિનિસ્ટ્રેશન ઓફિસર શ્રી અમીર અમલાનીએ વીમા સંબંધિત માહિતી વિસ્તારપૂર્વક આપી હતી તથા વ્યકિત અને સમાજના સંદર્ભે તેના ફાયદાઓ, વીમા અંગેનાં વ્યવહારૂ જ્ઞાન તથા આઈ.આર.ડી એ અંગે ચર્ચા કરી હતી.

'જાગો ગ્રાહક જાગો' અતંર્ગત ઉધના કોલેજ ખાતે તા.૮/૧/૧૪ના રોજ કન્ઝયુમર પ્રોટેકશન વોઈસ ફાઉન્ડેશન દ્વારા ગ્રાહક જાગૃતી શિક્ષણ સેમીનારનું આયોજન થયું હતું. જેમાં તોલમાપ અને ગ્રાહક સુરક્ષાના નિવૃત અધિકારી શ્રી એસ. ડી. તાંબાવાલાએ સુરક્ષા ધારા-૧૯૮૬, બેંકીંગ ઈન્સ્યુરંસ, તોલમાપ વિગેરે વિષય પર પ્રેઝન્ટેશન સાથે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સેમીનારમાં આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ તથા 'કન્ઝયૂમર પ્રોટેકશન વોઈસ ફાઉન્ડેશન' નાં પ્રમુખ શ્રી ચેતન જે. ટેલરએ પણ ટોલફ્રી નંબર, 'સેલ' વિ. ની લોભામણી જાહેરાતોથી દૂર રહેવા બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. અંતે વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોતરી પણ થઈ હતી.

એમિટી બી. એડ્. કોલેજ, ભરૂચમાં પ્રવચન શ્રેણી ૨૦૧૩-૧૪ અંતર્ગત તા. ૧૬/૧/૧૪ના રોજ જયેન્દ્રપુરી આર્ટસ એન્ડ સાયન્સ ભરૂચ, મનોવિજ્ઞાન વિભાગના હેડ અને પ્રોફેસર ડૉ. બળવંતરાય બી. ધીવરે પ્રશિક્ષણાર્થીઓને શૈક્ષણિક મનોવિજ્ઞાનની વિસ્તૃત સમજ આપી હતી.

બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં અંગ્રેજી દિવસની ઉજવણી અને વુમન સેલ અંતર્ગત કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નારીબેન પટેલ તથા અંગ્રેજી વિષયના પ્રા. પલ્લવીબેન પટેલે અંગ્રેજી દિવસ અંતર્ગત વકતવ્ય રજૂ કર્યું હતું. અંગ્રેજી વિષયના તાલીમાર્થીઓ દ્વારા અંગ્રેજીમાં કાવ્યગાન,વિવિધ સાહિત્યકારો વિશે વકતવ્ય, સુવિચાર, જોકસ, ફોનેટીક વાચન, કવીઝ અને સર્વધર્મ સમભાવ દર્શાવતું નાટક જેવી વૈવિધ્ય સભર કૃતિઓ રજૂ થઈ હતી. વુમન સેલ અંતગર્ત બહેનોમાં જાગૃતિ લાવવા તથા દીકરીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે ઘટાડો થઈ રહયો છે ત્યારે આ અંગે લોકોમાં જાગૃતતા આવે તે માટે બેટી બચાવો કાર્યક્રમને વાચા આપવાની કૃતિઓ બહેનો દ્વારા રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા વુમન સેલના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન પરમારે કર્યું હતું. બંને કાર્યક્રમોમાં તાલીમાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ્., સુરતમાં માસ મીડીયા અને જર્નાલીઝમ વિભાગના ડૉ. કલ્પનાબેન રાવનું "જનસંચારમાધ્યમ અને શિક્ષક" વિષય ઉપર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વ્યાખ્યાન યોજાઈ ગયું. કાર્યક્રમનાં અંતે તાલીમાર્થાઓએ પ્રશ્નોત્તરી કરી હતી.

શ્રીમતી કુસુમબેન કડકિયા કોલેજમાં તા.૨૧/૧નાં રોજ એવરેસ્ટ શિખર સર કરનાર કુમારી અરુણિમા સિન્હાનું પ્રેરક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. અરુણિમા સિન્હાએ પોતાના પ્રેરક વકતવ્યમાં જણાવ્યું હતું કે જીવનમાં આવેલા ગોલ્ડન ચાન્સને હાથમાંથી જવા ન દો. સંસ્થાના મેનેજીંગ ટ્રષ્ટી શ્રી પંકજભાઈ કડકિયાએ કુમારી અરુણિમા સિન્હા, સ્વામી શ્રી નિખિલેશ્વરાનંદજીને આવકાર સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન વર્ષા પટેલે તથા આભાર દર્શન નિરંજન પંડિયાએ કર્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતમાં વી.ટી.ચોકસી બી.એડ્. કોલેજના પ્રિ. ડૉ. વિનોદભાઈ જી. પટેલનું 'સાચો શિક્ષક કહેશો કોને?' વિષય પર ચિંતનપ્રેરક રસપ્રેરક વકતવ્ય યોજાયું હતું. વકતાશ્રીનો શાબ્દિક આવકાર ઈ.ચા.આચાર્યાશ્રી નયનાબેન ચૌહાણે તથા આ.પ્રો. ભાવિનીબેન દેસાઈએ વકતાશ્રીનો પરિચય આપ્યો.

એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં એન. એસ. એસ.ના ઉપક્રમે તા. ૭/૨/૧૪ના રોજ નેશનલ ગ્રુપ સુરતના શ્રી શિરિષભાઈ પારેખનું 'ટ્રાફિક અવેરનેશ' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે વિદ્યાર્થીઓને ટ્રાફીકના નિયમો વિશે માહિતી આપી તદ્ ઉપરાત વિમેન્સ સેલના ઉપક્રમે તા. ૨૧/૨/૧૪ના રોજ માનવ સેવા ટ્રસ્ટના શ્રી જીતુદાન ગઢવીએ વિદ્યાર્થિનીઓને તંદુરસ્ત જીવન શૈલી અને બ્રેસ્ટ કેન્સર વિશે માહિતી આપી હતી.

## સમારોહ

રાંદેર રોડ સ્થિત નવયુગ સાયન્સ કોલેજના મધ્યસ્થભવનમાં તા. ૬/૧/૧૪ને સોમવારે સવારે વર્ષ ૨૦૧૧/૧૨ અને ૨૦૧૨/૧૩માં વિશેષ સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટેનો સન્માન સમારોહ યોજાઈ ગયો. આચાર્ય ડૉ. અશ્વિનભાઈએ સ્વાગત પ્રવચનમાં મહેમાનોને આવકારી વિવિધ ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને કૉલેજમાં છેલ્લા બે વર્ષમાં થયેલ પ્રવૃત્તિઓની ટુંકમાં રૂપરેખા આપી હતી. સમારંભના પ્રમુખ રામકૃષ્ણ એક્ષપોર્ટના શ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ એમની આગવી અદામાં વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતું. વિદ્યાર્થીઓને પ્રશ્નોતરીમાં ખૂબ મજા આવી હતી. અતિથિવિશેષ તરીકે ડૉ. આંબેડકર વનવાસી અધ્યક્ષ શ્રી હિમાંશુભાઈ ભટ્ટે એમના જીવનના નિચોડની વાતો વિદ્યાર્થીઓને કરી હતી અને જીવન પરત્વે સભાન કર્યા હતા. રાજકક્ષાએ, જીલ્લા કક્ષાએ, યુનિવર્સિટી કક્ષાએ વિશિષ્ટ સિદ્ધી પ્રાપ્ત કરનાર લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. એમ. જે. શાહ અને પ્રા. ટી. એ. કુમારે કર્યું હતું. ડૉ. જી. એમ. મલેકે આભારવિધિ કરી હતી.

## ઈનામ વિતરણ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા ખાતે વર્ષ ૨૦૧૨-૧૩ ના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની પરીક્ષાના તેજસ્વી તારલાઓના અભિવાદન-સ્નેહમિલન કાર્યક્રમ OSA-OLD STUDENTS ASSOCIATION યોજાયો હતો, જેમાં વર્ષ ૨૦૧૨/૧૩ ના સિધ્ધિપ્રાપ્ત તાલીમાર્થીઓને મેડલ, રોકડ પારિતોષિક અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં. આચાર્યશ્રી ડૉ.કિશોર આર. નાયકે મહેમાનોના આવકાર સ્વાગત બાદ આ મૂલ્યવાન કાર્યક્રમની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. સભારંભના અતિથિવિશેષશ્રી ડૉ.જે.એમ. નાયકે "બદલતા સંજોગોમાં શિક્ષકની ભૂમિકા" પર પ્રવચન આપ્યું હતું. સંસ્થાએ કંડારેલી નવી કેડી- "ભારતીય સંસ્કૃતિ " વિષયક હસ્તલિખિત અંકનું ડૉ.ડી.જી નાયકના વરદહસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ અંકના સંપાદકીય સ્પંદનો ડૉ. વિનયભાઈ પટેલ રજુ કર્યા હતા. પ્રસ્તુત સમારંભના પ્રમુખસ્થાનેથી પૂર્વ આચાર્યશ્રી ડૉ. દિનકરરાય જી. નાયકે પ્રેરક આર્શીવચન પાઠવ્યાં હતા. સાથે વર્તમાન વર્ષ:- ૨૦૧૩/૧૪ દરમિયાન સપ્તધારા અંતર્ગત થયેલી વિવિધ તેર પ્રવૃતિઓ તથા સ્પોર્ટ્સ ડે હેઠળ થયેલ વિવિધ સોળ સ્પર્ધાઓના તાલીમાર્થીઓના ઈનામ વિતરિત કરવામાં આવ્યા હતાં. તમામ વિજેતાઓને શ્રી સંજીવ શાહ લિખિત ૨૦૦ જેટલા પુસ્તકો ભેટ રૂપે આપવામાં આવ્યાં હતાં.

ઉધના એકેડેમી કોલેજ, સુરતમાં તા. ૩-૨-૧૪ રોજ ઈનામ વિતરણ સભાંરભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશચંદ્ર જી. દેસાઈ, ઉપ-પ્રમુખ શ્રી કિરિટભાઈ ગાંધી, મંત્રી શ્રી ભાણજીભાઈ પટેલ તથા સહ મંત્રી શ્રી નરેશભાઈ શાહ ઉપસ્થિત રહયા હતાં. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો. તથા વર્ષ ૨૦૧૩-૧૪નો અહેવાલ રજુ કર્યો હતો. વિવિધ ધારાઓ જેવી કે જ્ઞાન ધારા, સર્જનાત્મક અભિવ્યકિત ધારા, કલાકૌશલ્ય ધારા, ગીત સંગીત નૃતય ધારા તથા રમત - ગમત ક્ષેત્રે આંતર વર્ગ, આંતર કોલેજ અને યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઈનામ તથા ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. તદ્ઉપરાંત દરેક વિદ્યાશાખામાં પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવી હતી.

## વાંચન વિશેષ

**અસ્મિતાના ઉદ્ગાતા – કનૈયાલાલ મુનશી**
**સંપાદક : ડૉ. જગદીશ ગૂર્જર**
**સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.**
**૩૦–૧૨–૨૦૧૩. પૃ. ૨૮૮**
**મૂલ્ય રૂા. ૩૦૦. ISBN 978-81-921045-3-9**

કનૈયાલાલ મુનશીની સવાસોમી જન્મજયંતી નિમિત્તે યુનિવર્સિટીના ક.મા. મુનશી અધ્યયન પ્રકલ્પ એકમ ચેર દ્વારા "અસ્મિતાના ઉદ્ગાતા-કનૈયાલાલ મુનશી" ગ્રંથનું વિમોચન ૩૦-૧૨

૨૦૧૩ના રોજ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ગ્રંથમાં ૧. કુલપતિ મુનશીનું ક્રાન્તદર્શન (ડૉ. દક્ષેશ ઠાકર), ૨. મુનશીજી : બહુમુખી પ્રતિભા (એચ.એન. દસ્તુર), ૩. બહુમુખી સારસ્વત (કુલીનચંદ્ર યાજ્ઞિક), ૪. મુનશીજીનું જીવનદર્શન (રઘુવીર ચૌધરી), ૫. મિ લોર્ડ, આઈ રેસ્ટ માય કેસઃ (વર્ષા અડાલજા), ૬. મુનશી : સવાયા માનવ (ભદ્રાયુ વચ્છરાજાની), ૭. અસ્મિતા, ગુજરાત અને મુનશી (પ્રવીણદરજી), ૮. બંધારણ સભા અને મુનશી (ડંકેશ ઓઝા), ૯. મુનશીની નારીભાવના (કાન્તિ પટેલ), ૧૦.મધ્યકાલીન સાહિત્ય વિશે મુનશી (કીર્તિદા શાહ), ૧૧. પદ્યમાં પ્રેમાનંદ, ગદ્યમાં મુનશી (ચિનુ મોદી), ૧૨. ક.મા. મુનશીના સાહિત્યમાં પ્રેમનિરુપણ (મણિલાલ હ. પટેલ), ૧૩. મુનશી અને બુદ્ધદેવ બસુની નારીભાવના (દમયંતી પરમાર), ૧૪. મુનશીનો સ્ત્રીત્વનો આદર્શ (દર્શના ધોળકિયા), ૧૫. કનૈયાલાલ મુનશીનાં નારીપાત્રો (સેજલ શાહ), ૧૬. મુનશીનાં નાટકોનાં નારીપાત્રો (પ્રસાદ બ્રહ્મભટ્ટ), ૧૭. મુનશીની નવલકથાઓનાં પુરુષપાત્રો (રમેશ મ. શુકલ), ૧૮. મુનશી વિષે-એક નોંધ, કેટલાંક પાત્રોને ધ્યાનમાં રાખીને (વિનોદ અધ્વર્યુ), ૧૯. ચૌલાનું પાત્ર,સોમનાથ ધ્વંસ અને ગુજરાતી નવલકથાકાર (શરીફા વીજળીવાળા), ૨૦. 'જય સોમનાથ' મુનશીની એક પરિપક્વ નવલકથા (આર. આઈ. પટેલ), ૨૧. 'પાટણની પ્રભુતા'માં ભાષાપ્રભુત્વ (યોગેન્દ્ર વ્યાસ), ૨૨. શ્રી કનૈયાલાલ મુનશીની ગદ્યકથાઓ - 'પૃથિવીવલ્લભ'માં (ચંદ્રકાન્ત શેઠ), ૨૩. નર્યું મનોરંજન નહિ, પણ વિકૃતિનું વિડમ્બન મુનશીકૃત 'સ્નેહસંભ્રમ' (વિજય શાસ્ત્રી), ૨૪. રંગદર્શી આત્મકથા 'અડધે રસ્તે' થી 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' (સતીશ વ્યાસ), ૨૫. મુનશીને 'આત્મ'નું નહીં, તેટલું 'કથા'નું વળગણ છે (રવીન્દ્ર પારેખ), ૨૬. 'શિશુ અને સખી' : અનન્ય સર્જનાત્મક ઉન્મેષ (દક્ષા વ્યાસ), ૨૭. ક.મા. મુનશીનાં બે શિરમોર સામાજિક પ્રહસનો 'કાકાની શશી' અને 'છીએ તે જ ઠીક' (મહેશ ચંપકલાલ), ૨૮. મુનશીની વાર્તાકળા (ઈલા નાયક), ૨૯. મુનશીનાં વર્ણનો (પી. જે. પટેલ : ઈડર), ૩૦. કનૈયાલાલ મુનશીનાં સામયિક-પત્રો : એક અને અનન્ય (કિશોર વ્યાસ), ૩૧. 'કુલપતિના પત્રો' ભારતીય અસ્મિતાના ચાહક (ધ્વનિલ પારેખ), ૩૨. ક.મા. મુનશી સાહિત્યસૂચિ (બાબુલાલ જે. અંકુયા)ના સંશોધિત લેખો સમાવેશ પામે છે.

સંપાદકશ્રીએ વિવિધ વિદ્વાનોને આમંત્રણ આપીને આગવા ઘરેણા સમાન લેખો તૈયાર કરાવ્યા છે. ગુજરાતી અનુસ્નાતક વિભાગનું આ પ્રથમ પ્રકાશન યુનિવર્સિટીનાં અન્ય પ્રકાશનોમાં આગવી છાપ પાડે છે. ઉત્કૃષ્ટ મુદ્રણકાર્ય અને નયનરમ્ય તથા આકર્ષક મુખપૃષ્ઠ વાચકને હાથમાં લેવા પ્રેરે છે. વિવિધ લેખોના શીર્ષકોની પસંદગીમાં સંપાદકશ્રીની આગવી સૂઝનો અનુભવ થયા વિના રહેતો નથી. પુસ્તક પ્રકાશન પ્રવૃત્તિ એ માત્ર વ્યવસાય નથી, એક સામાજિક દાયિત્વ છે. જે યુનિવર્સિટી પોતાનાં આગવાં પ્રકાશનો વડે સુપેરે નિભાવી રહી છે. આ અગાઉ પણ યુનિવર્સિટી દ્વારા (૧) સ્વર્ણિમ ગુજરાતનો સ્વપ્નદ્રષ્ટા : વીર નર્મદ (સંપાદક : ડૉ. જગદીશ ગૂર્જર અને (૨) Society and Literature : Narmad in Critical Discourse (Prof. Rakesh Desai) જેવાં ઉત્તમ પ્રકાશનો સાહિત્યવિશ્વને સાંપડયા છે. સંપાદકશ્રીની સંકલન-કલા અને ભાષાશુદ્ધિથી ગ્રંથની ગરિમા ખીલી ઊઠી છે.

ડૉ. દક્ષેશ ઠાકરે મુનશીના ક્રાન્તદર્શન વિશે નોંધ્યું છે : "કુલપતિ તરીકે મુનશીએ હંમેશા ઝંખના રાખી હતી, કે ભારતના વિદ્યાધામોમાં શકિતનું રૂપાંતર થાય. કારકિર્દીને ઉંબરે ઊભેલા તુરણો સર્જનાત્મક શકિતથી છલકાતો નવસંયોજિત પ્રાણવાન અભિગમ અપનાવે. નૈતિક અધ્યાત્મિક મૂલ્યોના વર્ચસ્વ તેમજ ઈષ્ટ-અનિષ્ટના વિવેક દ્વારા અખંડ રાષ્ટ્રના નિર્માણ માટે સજ્જ થાય. મુશનીનું વિદ્યા-સંસ્કારભાવનાથી ભર્યું ભર્યું ક્રાન્તિકારી દર્શન સાંપ્રત શિક્ષણ વ્યવસ્થા માટે પણ એટલું જ બલકે વધારે પ્રસ્તુત છે એમ કહેવામાં રજમાત્ર પણ અતિશયોકિત નથી."

સંપાદકીય 'અસ્મિતાના ઉદ્‌ગાતા : કનૈયાલાલ મુનશી'માં સંપાદક ડૉ. જગદીશ ગૂર્જર મુનશી વિષે નોંધે છે કે, 'ઈતિહાસ અને દંતકથાના સ્થૂળ વાસ્તવને સર્જનાત્મક સંસ્પર્શ આપી વાગ્મિતા અને કથનકળાના નવનવીન ઉન્મેષોનું સ્ફુરણ કરનાર મુનશીનું અંગત તથા જાહેર જીવન ઊઘાડી કિતાબ જેવું - Crystal clear - પારદર્શી છે. નારીસ્વાતંત્ર્ય હોય કે નારીસમર્પણ, સ્ત્રીપુરુષ સહજીવનના સ્નેહાળ સખ્ય અને સાયુજયની એમની વિભાવના એ આધુનિક જીવન દ્રષ્ટિના પર્યાયરૂપ અસ્મિતાની નવ્ય પરિભાષા છે."

આ ગ્રંથમાં ૩૧ વિદ્વત લેખો ઉપરાંત 'ક.મા. મુનશી : સાહિત્યસૂચિ' દર્શાવવામાં આવેલ છે. ક.મા. મુનશી જીવન-કવન પર સંશોધન કાર્ય કરવા ઈચ્છતા સંશોધકોને અતિ ઉપયોગી નીવડશે. આ સાહિત્યસૂચિ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ગ્રંથાલયમાં ઉપલબ્ધ ગ્રંથો તથા વિવિધ ભાષાનાં પુસ્તકો અને સામયિકોમાં ઉપલબ્ધ લેખો તરફ આંગળી ચિંધે છે. જેનાથી સંશોધકો અને અભ્યાસુઓનો સમય બચશે. આ સૂચિ તૈયાર કરીને ગ્રંથપાલે પણ પોતાનો ધર્મ બજાવ્યો છે. આ ગ્રંથ એક અભ્યાસલેખ સંગ્રહ ઉપરાંત ઉત્તમ સંદર્ભગ્રંથ પણ બની રહયો છે જે તેની સાર્થકતાને સાબિત કરે છે.

ક.મા. મુનશીના એક અદ્વિતીય દસ્તાવેજી ગ્રંથ તથા તેના ઉત્તમ મુદ્રણ, બાઈન્ડિંગ અને આકર્ષક સાજ-સજ્જા અને કવર પણ મોહક અને આકર્ષક છે, માટે આ ગ્રંથના પ્રકાશન માટે યુનિવર્સિટી અને સંપાદકશ્રી ડૉ. જગદીશ ગૂર્જરને અભિનંદન. ગુજરાતી સાહિત્યના વિદ્યાર્થીઓ, અભ્યાસુઓ, સંશોધકો, અધ્યાપકો અને ક.મા. મુનશી પ્રેમીઓ માટે આ ગ્રંથ એક ઉપહાર સમાન છે. આ ગ્રંથ પ્રત્યેક સાહિત્યપ્રેમી, વિનયન વિદ્યાશાખાની કોલેજો અને રાજયની પ્રત્યેક યુનિવર્સિટીઓના ગ્રંથાલયોમાં હોવો ઘટે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com